### મધુપ્રમેહ હોય તો પણ ખાંડને બદલે 'સ્ટેવિયા' થી બનેલી મીઠાઇ ખાવાની છૂટ!

# ડાયાબિટીસના દર્દીઓ આનંદો : પ્રાકૃતિક ગળપણનું રાજકોટમાં ઉત્પાદન

**ડૉ. એસ. બી. હરસોડાએ બ્રાઝિલની વનસ્પતિમાંથી કેમિકલ વગરની મીઠાશ બનાવી ★ ૩૭ દેશોમાં ખાંડને બદલે સ્ટેવિયાનો ઉપયોગ થાય છે ★ ડબલ્યુએચઓ એ ખોરાકના ઘટક તરીકે માન્યતા આપી છે ★સ્ટેવિયાના પાંદડા ખાંડ કરતા ૨૦ ગણા વધારે મીઠા છે અને તેની આડઅસર થતી નથી ★ ભારતમાં પ્રથમ રાજકોટમાં સફળ પ્રયોગ**

રાજકોટ તા. ૧૨ : ડાયાબિટીસ-મધુપ્રમેહના દર્દીઓ માટે આનંદના વાવડ છે. ભારતભરમાં પ્રથમ રાજકોટમાં પ્રકૃતિક ગળપણ ઉત્પાદિત કરવાનો પ્રયોગ સફળ થયો છે. ખાંડને બદલે આ ઉત્પાદનમાંથી બનેલી મીઠાઈ ડાયાબિટીસના દર્દીઓ મનભરીને ખાઈ શકશે.

રાજકોટના આયુર્વેદિક તબીબ એસ. બી. હરસોડાએ સંશોધનો બાદ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ડૉ. હરસોડાએ 'અકિલા'ને જણાવ્યું હતું કે, પેરૂગુ અને બ્રાઝિલમાં 'સ્ટેવિયા' નામની વનસ્પતિ થાય છે. આ વનસ્પતિના પાંદડામાં ખાંડ કરતા અનેકગણી કુદરતી મીઠાશ છે. આ વનસ્પતિના પાંદડા માંથી કુદરતી ગળપણનું નિર્માણ કર્યુ છે, જે સંપૂર્ણપણે આડઅસર મુકત છે.

કુદરતી ગળપણનું મોટાપાયે ઉત્પાદન મેટોડા જી. આઈ. ડી.સી. માં શરૂ થઈ ગયું છે. અહીં બેકઝોમ હેલ્થકેર પ્રા. લિ. દ્વારા 'સ્વીટ-એન-હર્બ'બ્રાન્ડથી ઉત્પાદન શરૂ થયું છે.

ડૉ. હરસોડા કહે છે કે, સ્ટેવિયા વનસ્પતિમાંથી બનતા ગળપણનો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન, બ્રાઝિલ, ચાઈના, કેનેડા, ન્યુઝિલેન્ડ, થાઈલેન્ડ, કોરિયા, ઈઝરાઈલ, વગેરે સહિત ૩૭થી વધારે દેશોમાં ઉપયોગ થાય છે. આ કુદરતી ગળપણને વિશ્વ આરોગ્ય સંસ્થા-ડબલ્યુએચઓ એ ખોરાકના ઘટક તરીકે માન્યતા આપી છે. જાપાનના ગળપણ માર્કેટમાં સ્ટેવિયાનો હિસ્સો ૪૦ ટકા છે.

સ્વીટ એન્ડ હર્બ ટેબલેટનો ઉપયોગ ખાંડની જેમજ કરી શકાય છે. મીઠાઈ-ચા વગેરે બનાવતી વખતે તેમાં નાખી શકાય છે. ડાયાબિટીસ, ઉંચું કોલેસ્ટોરેલ, મેદસ્વિતા વગેરે સમસ્યા ધરાવતી વ્યકિતઓ આ મીઠાઈ-ચા વગેરે પ્રેમથી આરોગી-ગટગટાવી શકે છે. ચા, કૉફી, કઢી, સૂપ, બેકરીની બનાવટો, આઈસક્રીમ-સરબત, દુધ-લસ્સી, ઠંડાપીણા, મીઠાઈ વગેરે બનાવવા માટે 'સ્વસટ એન્ડ હર્બ' ગળપણ વાપરી શકાય છે.

ડૉ. હરસોડા જણાવે છે કે, સ્ટેવિયાના પાંદડા ખાંડ કરતા ૨૦ ગણા વધારે મીઠાશ ધરાવે છે. ઉપરાંત આ વનસ્પતિ હિટ સ્ટેબલ છે, એટલે કે તેને ગરમ કરી શકાય છે. ગરમ કરવાથી તેના તત્વોનું વિઘટન થતું નથી, તેની મીઠાસ જળવાઈ રહે છે. આ કારણે બેકરીની આઈટમ્સમાં અને ગરમ કરીને બનતી મીઠાઈઓમાં તેને ખાંડની જેમ વાપરી શકાય છે.

પેરૂગ્વે-બ્રાઝિલ જેવા દેશોમાં સદીઓથી ખાંડને બદલે સ્ટેવિયાનો ઉપયોગ થાય છે. આ વનસ્પતિને આડ અસરમુક્ત દર્શાવતા ૨૦૦ સંશોધન પેપર્સ વિશ્વભરમાં રજૂ થયા છે, જેને માન્યતા મળી છે. ડો. હરસોડા કહે છે કે, સ્ટેવિયા બ્લડ-સુગર પર આડઅસર કરતું નથી તેથી ડાયાબિટીસના દર્દીઓ તેને પ્રેમથી વાપરી શકે છે. આ ઉપરાંત બ્લડ-પ્રેશર, વૃધ્ધિ - વિકાસ - પ્રજનનતંત્ર તથા જનીન પર પણ આડઅસર કરતું નથી. સ્ટેવિયાના ઉપયોગથી કેન્સર સામે રક્ષણ મળે છે, કિડની માટે આ ટોનિક સમાન છે, રોગ પ્રતિકારક શક્તિ વધારે છે, દાંતનો સડો અટકાવે છે. આ ઉપરાંત સ્ટેવિયાની કેલેરી વેલ્યુ શૂન્ય હોવાથી સ્થૂળ - મેદસ્વી લોકો ખાંડને બદલે આ ગળપણનો ઉપયોગ કરી શકે છે.

રાજકોટમાં ઉત્પાદિત કુદરતી ગળપણ સ્વીટ - એન - હર્બ ટેબ્લેટ (ગોળી) સ્વરૂપે ૧૦૦ ટેબ્લેટના પેકમાં તથા પાવડર સ્વરૂપે ૫૦ પાઉચના બોક્સ પેકમાં ઉપલબ્ધ છે. ડો. એસ.બી.હરસોડાએ આયુર્વેદ તબીબનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કંઈક નવું કરવાની ઝંખના હતી. ખૂબ અભ્યાસ - સંશોધનો બાદ 'સ્વીટ એન હર્બ'ની સિધ્ધી પ્રાપ્ત કરી છે. ભારતભરમાં આ પ્રથમ પ્રયોગ છે, જે સંપુર્ણ સફળ રહ્યો છે. ડોકટરના પિતાશ્રી બી.વી.હરસોડા નાયબ કાર્યપાલક ઈજનેર છે અને હેમુ ગઢવી નાટયગૃહ તથા રાજકોટને મેડીકલ કોલેજના નિર્માણમાં તેઓએ આગવી સૂઝથી સેવા આપેલી.

'સ્વીટ-એન-હર્બ' અંગે વધારે માહિતી માટે બેકઝોમ હેલ્થકેર પ્રા.લિ., જી-૨૧૧૮, જીઆઈડીસી- મેટોડા, રાજકોટ ખાતે મેનેજીંગ ડિરેકટર ડો. હરસોડાનો (મો. ૯૯૭૮૮ ૨૨૦૭૮) સંપર્ક થઈ શકે છે.(૨૧.૯)

## બાળકો માટે રાહતદરે સેવા

રાજકોટ : બાળકો પણ ડાયાબિટીસગ્રસ્ત બની રહ્યા છે. આ સમસ્યાથી પીડાતા બાળકોને મીઠાઈ - ચોકલેટ વગેરેથી દૂર રાખવા પડે છે. આ કારણે બાળવયમાં જ જીવન નિરસ બને છે. ડો. હરસોડા કહે છે કે, સ્વીટ-એન-હર્બમાંથી બનેલી મીઠાઈ ડાયાબિટિક બાળકોને આપી શકાય છે. બાળકો માટે ખરીદવા ઈચ્છતા હોય તેને આ ટેબ્લેટ - પાવડર ૫૦ ટકા જેટલા રાહતદરે આપવાનો નિર્ણય કંપનીએ કર્યો છે.

ડો. હરસોડા કહે છે કે, આર્થિક રીતે ભીંસાયેલા હોય તેવા પરિવારોના બાળકોને ડાયાબિટીસ હોય તો અમે ટેબ્લેટ - પાવડર વિનામૂલ્યે આપીશું. આ માટે કંપનીનો સંપર્ક થઈ શકે છે.(૨૧.૯)




તસ્વીરમાં ડૉ. હરસોડા તથા તેમના પિતાશ્રી બી.વી. હરસોડા અને શુભેચ્છક કે. કે. હોટેલવાળા રાજ કુંડલિયા નજરે પડે છે. (તસ્વીર : સંદિપ બગથરિયા)

## સરગમ દ્વારા રવિવારે ધો. ૧ થી ૯નાં તારલાઓનો સન્માન સમારોહ

રાજકોટ તા. ૧૨ : શહેરની જુદી જુદી શાળામાં અભ્યાસ કરતા ધો. ૧ થી ૯નાં તેજસ્વી સરગમી તારલાઓનાં સન્માનનો એક કાર્યક્રમ આગામી તા. ૧૪મીએ રવિવારે રાજ્યનાં નાણામંત્રી વજુભાઈ વાળા અને શિક્ષણાધિકારી કે.ડી.બગડા સહિતનાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાશે. સરગમ કલબ અને સરગમ ચિલ્ડ્રન કલબ દ્વારા દર વરસે પરીક્ષામાં ઉચ્ચગુણોથી પાસ થતાં વિદ્યાર્થીઓનું સન્માન કરે છે. આવો જ એક કાર્યક્રમ મ્યુઝીકલ નાઈટની સાથે યોજાશે.

તા. ૧૪મીએ યોજાનાર આ સન્માન સમારંભમાં અધ્યક્ષસ્થાને નાણામંત્રી વજુભાઈ વાળા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ડેપ્યુટી મેયર નરેન્દ્રભાઈ સોલંકી, શિક્ષણ સમિતિનાં ચેરમેન માવજીભાઈ ડોડીયા, પૂર્વ મેયર ધનસુખભાઈ ભંડેરી, જિલ્લા શિક્ષણાધિકારી કે.ડી.બગડા, સ્ટેન્ડીંગ કમિટિનાં અધ્યક્ષ કમલેશભાઈ મીરાણી, જીનીયસ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડી.વી.મહેતા, હોલી સેન્ટર સ્કૂલના રાજુભાઈ ભટ્ટ, ડેકોરા ફર્નીચરના જમનભાઈ પટેલ, મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનાં અધ્યક્ષા હેલીબેન ત્રિવેદી, યોગીધામ સંકુલનાં સ્વસ્તિકાબેન, કડવીબાઈ વિરાણી વિદ્યાલયનાં પ્રિન્સીપાલ સોનલબેન શાહ વગેરે ઉપસ્થિત રહેશે અને તેજસ્વી તારલાઓનું સન્માન કરશે.

સરગમ કલબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં જણાવ્યા અનુસાર ધોરણ ૧ થી ૯નાં જે વિદ્યાર્થીઓને ૯૦ ટકાથી ઉપરનાં માર્કસ આવ્યા હશે તેમાંથી અંગ્રેજી અને ગુજરાતી માધ્યમનાં પ્રથમ ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓને પારિતોષીક તેમજ સન્માનપત્ર એનાયત કરાશે. જે વિદ્યાર્થીઓ સન્માનને પાત્ર બન્યા છે તેમને કલબ તરફથી અલગ પત્ર દ્વારા જાણ કરવામાં આવશે.

ચિલ્ડ્રન કલબનાં સભ્યો માટે તા. ૧૪ને રવિવારે મ્યુઝીકલ પાર્ટીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગ્રુપ-એ (નં. ૧ થી ૧૩૦૦) માટે સવારે ૮ થી ૧૦.૪૫ વચ્ચે, બી-ગ્રુપ (નં. ૧૩૦૧ થી ૨૬૦૦) માટે બપોરે ૧૧ થી ૧.૩૦ વચ્ચે અને સી-ગ્રુપ (નં. ૨૬૦૧ થી ૪૦૦૦) માટે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ વચ્ચે આ મ્યુઝીકલ નાઈટ યોજાશે. વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ સી ગ્રુપનાં કાર્યક્રમ સમયે યોજાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ રામકૃષ્ણભાઈ ઠાકર, ખોડીદાસભાઈ પટેલ, લેડીઝ કલબનાં ઉષાબેન પટેલ, નિલુબેન મહેતા, જયશ્રીબેન રાવલ, અલ્કાબેન કામદાર, ભાવનાબેન મહેતા, મધુરિકાબેન જાડેજા ઉપરાંત લેડીઝ કલબનાં તમામ કમિટિ મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.(૨૧.૩૩)

## લલિત મનહર સેન્ટર દ્વારા ગંગા સ્ત્રોત સ્પર્ધા સંપન્ન

રાજકોટ તા. ૧૨ : લલિત મનહર હોબી સેન્ટર દ્વારા ગંગાદશરા ઉત્સવ નિમિતે ''ગંગાસ્ત્રોત'' પ્રશિક્ષણ શિબિરને અંતે તાલીમાર્થીઓ વચ્ચે યોજાયેલ ''ગંગાસ્ત્રોત'' સ્પર્ધામાં વિવિધ વિભાગમાં વિજેતાઓને પારિતોષિક એનાયત કરાયા હતા. વરિષ્ઠ નાગરિક વિભાગમાં કુસુમબેન જે ભટ્ટ, ગૃહિણી વિભાગમાં-કવિતાબેન ડી. પંડયા, વિદ્યાર્થી વિભાગમાં-પાર્થ વી. શિંગાળા અને પ્રમથ .ડી પંડયા પ્રોત્સાહન ઈનામ હીના એચ. મનવાણીએ પ્રાપ્ત કરેલ છે.(૨૪.૧)

## વાંઝા જ્ઞાતિ કર્મચારી મંડળની રવિવારે દ્વારકામાં વાર્ષિક સભા

રાજકોટ, તા. ૧૨ : ગુજરાત સ્થિત વાંઝા જ્ઞાતિના સરકારી, અર્ધસરકારી, પ્રાઈવેટ, કોર્પોરેટ જગતના કર્મચારી ગણની દર વખતના ઠરાવ પ્રમાણે આ વખતે વાંઝા જ્ઞાતિ કર્મચારી મંડળ-ગુજરાતની વાર્ષિક સાધારણ સભા દ્વારકા ખાતે તા. ૧૪ રવિવારે સવારે ૮ કલાકે વાંઝા જ્ઞાતિ સમાજની વાડી દ્વારકા ખાતે રાખવામાં આવેલ હોય આ સાથે વિશાળ સંખ્યામાં કર્મચારી બંધુઓએ કર્મચારી સંગઠનના ઉત્કર્ષ, ઉન્નતિ, અને વિકાસ માટે પારદર્શિકા માટે અચુક ઉપસ્થિત રહેવું તેમ સૌરાષ્ટ્ર પાંખના કા. સભ્ય જયેશભાઈ કે. ગોહેલ (પીજીવીસીએલ) સી.આર.સી.ની યાદીમાં જણાવેલ છે.(૬.૧૨)

## વિવેક સ્કૂલ ખાતે બેરોજગારો માટે વર્ગો

રાજકોટ તા. ૧૨ : બેરોજગારીની સમસ્યા દુર કરવા પ્રયાસ રૂપે વિવેક સ્કૂલ, હનુમાન મઢી પાસે પ્રકાશ સોસાયટી મેઈન રોડ ખાતે આજે દરેક ઘેર વપરાતા 'આરો વોટર પ્યુરીફાઈ તથા હાઉસ વાયરીંગ અને મેઈન્ટેનન્સ'ના વિનામૂલ્યે કોઈપણ ઉંમરની વ્યકિત માટે વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ગોમાં રો મટીરીયલ્સ પણ વિનામૂલ્યે પુરૂં પાડવામાં આવશે.

લાભ લેવા ઈચ્છુક વ્યકિતઓએ તા. ૨૦-૬ સુધીમાં સાંજે ૬ થી ૮ વચ્ચે નામ નોંધણી કરાવી જવી તેમ એક યાદીમાંજણાવવામાં આવેલ છે. વિશેષ માહિતી માટે રમણીકભાઈ પટેલ ૯૮૯૮૧ ૦૪૪૯૪ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.(૨૧.૨૭)



છ દાયકા જુની રાજકોટની શ્રી કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં તાજેતરમાં દમદાર ફેસ્ટની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તૃત તસ્વીરમાં રાજસ્થાની, કાઠીયાવાડી, મરાઠી સહિતનાં નૃત્યો બહેનોએ રજુ કરી કર્યા હતાં તે તસ્વીર તથા અંતિમ તસ્વીરમાં માનવ મહેરાણ નજરે પડે છે ઈન્સેટ તસ્વીરમાં કાર્યદક્ષ પ્રિન્સીપાલ સોનેલબેન શાહ નજરે પડે છે. (તસ્વીર : બીપીન ટંકારીયા )

# બહેનોના જીવનનું ઘડતર કરી સંસ્કાર સિંચતી કડવીબાઇ કન્યા વિદ્યાલયમાં દમદાર ફેસ્ટ-૨૦૦૯ની ભવ્ય ઉજવણી

### અભ્યાસ રમત-ગમત, લાંબા પ્રવાસો તથા છેલ્લામાં છેલ્લી ટેકનોલોજી યુકત સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા શહેરની પ્રતિષ્ઠિત ગ્રાન્ટેડ શાળાનો ડંકો વાગ્યો

રાજકોટ, તા. ૧૧ : શહેરની છ દાયકા જુની ગ્રાન્ટેડ કન્યા શાળા શ્રી કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની કુ. ભારતી સોજીત્રાએ એસએસસી બોર્ડ માર્ચ-૦૯માં કેન્દ્રમાં નવમુ સ્થાન મેળવ્યું તેની ખુશાલી અને હર્ષોલ્લાસ હજુ ન શમે ત્યાં તો શાળાએ 'ફેસ્ટ-૨૦૦૯' નામે ભવ્યાતીભવ્ય અને ભલભલા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્ટેજ શોની બરોબરી કરે તેવો એક અદ્ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમોની નઝરો શિક્ષણવિદો, શહેરી અગ્રણીઓ, વાલીગણ તથા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરેલ.

કાર્યક્રમની વિગત આપતા શાળાના આચાર્ય સોનલબેન શાહ જણાવે છે કે વૈચારિક કક્ષાએ તો ફેબ્રુઆરી માસથી જ અમોએ ઓન પેપર સમગ્ર કાર્યક્રમનું આયોજન કરી લીધેલ. પરંતુ વિદ્યાર્થીઓના અભ્યાસ કે પરીક્ષામાં ખલેલ ન પડે તે માટે થઈને અમોએ ૧૬ એપ્રિલે શાળાની વાર્ષિક પરીક્ષાઓ પુરી થયા પછી પરિણામ તથા વેકેશનના ગાળામાં યુદ્ધના ધોરણે અતિ વ્યવસ્થિત આયોજન દ્વારા એક સાથે દસ આઈટેમોની તૈયારી અને પ્રેકટીસ શરૂ કરેલ.

શાળાનો શૈક્ષણિક વહીવટ તથા વર્ગ-૪નો સમગ્ર સ્ટાફ એકજૂટ થઈને કાર્યક્રમની તૈયારીમાં લાગી જઈને સર્વેએ અનન્ય સંપ અને પુરૂષાર્થનું જવલંત ઉદાહરણ પુરૂ પાડી કાર્યક્રમને સફળ બનાવવામાં કોઈ જ કસર છોડેલ નથી.

કાર્યક્રમમાં દરેક આઈટેમ માટે અલગ અલગ કોરીયોગ્રાફર, સંગીત નિર્દેશકો, નાટય નિર્દેશકો તથા તજજ્ઞોની સેવા લેવામાં આવેલ. નૃત્ય નિર્દેશકોમાં શાળાનાં પૂર્વ વિદ્યાર્થીની તથા સંસ્થાની મેનેજીંગ કમીટીના સેક્રેટરી શ્રી હેમલતાબહેન રૂપાણીનાં સપુત્રી શ્રીમતિ ઉર્વીશાબેન મહેતા ઉપરાંત સંગીત નૃત્ય નાટય મહાવિદ્યાલયના શ્રીમતિ હિનાબહેન મહેતા કંઠણ વૃંદના વિધિબહેન તથા નેહાબહેન, વેસ્ટર્ન ડાન્સમાં પ્રીતેશભાઈ માંવીયા તેમ જ શાળાના પૂર્વ વિદ્યાર્થીની કુ. એકતા બહેન ચાવડાની સેવા લેવામાં આવેલ.

લાઈવ સંગીત માટે શહેરના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંગીતકાર શ્રીમતિ પિયુબહેન સરખેલ તથા તેમના દ્વારા સંસ્થાપિત નાદસ્વરમ્ ફાઉન્ડેશનના સર્વશ્રી રાજેશભાઈ વ્યાસ, ગાર્ગી વોરા, ધ્વનિ વચ્છરાજાની, દેવાંશી વ્યસા, ભકિત જોષી તથા રામભાઈ વ્યાસે પોતાનો સુરીલો કંઠ તથા રિખવ મહેતા અને આશિષ કોટકે તબલા તથા કી બોર્ડ પર સાથ આપેલો.

ફેસ્ટ-૦૯ની કુલ દસ આઈટેમમાં કાઠિયાવાડી રાસ, રાજસ્થાની કાલબેલિયા તથા મરાઠી ભકિત સંપ્રદાયનું લોકનૃત્ય એમ કુલ ત્રણ આઈટેમ પ્રાદેશિક ભાતીગળ લોકનૃત્યોની રહેલ જેની ખૂબ સરાહના થયેલ. રાજસ્થાની કાલબેલિયા નૃત્યુમાં આગ અને શારીરિક ક્ષમતા બતાવતા સાહસિક દશ્યો પ્રેક્ષકોએ મનભરી માણેલા જયારે મરાઠી ભકિત નૃત્ય 'જય હરિ વિઠ્ઠલ'.. ના નાદે અને નૃત્યકારોની ત્વરિત અંગભંગિ સાથે ઓડીયન્સ પણ વિઠ્ઠલમય બની ગયેલ અને 'વન્સ મોર'ના નાદે ગુંજી ઉઠેલ, કાઠિયાડી નૃત્યોએ તરણેતરના મેળાની યાદ અપાવતી સુશોભિત છત્રીઓ તથા પાવાઓ ઉપરાન્ત દાંડિયાની રમઝટથી શ્રોતાઓનાં દિલ જીતી લીધેલ.

કાર્યક્રમની પ્રથમ કૃતિ આધ્યાત્મિક ખોજમાં નાદસ્વરમ્ ફાઉન્ડેશનના કલાકારો તથા શાળાના સંગીત વૃંદે સંગીત સુરાવલિથી કમાલ સર્જી જેમાં ભરત નાટયમ્ ની અંગભંગિમુકત કોરીયોગ્રાફીએ ચાર ચાંદ લગાડેલ.

તિલ્લાના અને દશાવતાર જેવી શુધ્ધ ભરતનાટયમ્ કૃતિઓએ શાળાની શુધ્ધ શાસ્ત્રી નૃત્યોની પ્રાચીન પરમપરાને જાળવી રાખીને વિષ્ણુના દસ અવતારોનું નૃત્યમય અને નાટયાત્મક પ્રગટીકરણ રજુ કરી પ્રેક્ષકોની ભારે સરાહના મેળવી.

આજની યુવાન પેઢીના તન-મનને ડોલાવતા પાશ્ચાત્યનૃત્યો બાળાઓએ હર્ષનાદોથી વધાવેલ. જયારે 'સીટી ઓફ ટોબર્સ' નામે અંગ્રેજીમાં વિજ્ઞાન નાટિકા તથા 'હિંસા પરમો ધર્મ' નામે આતંકવાદ ઉપર હૃદય દ્રાવક વિજયુઅલ્સ સાથે રજુ થયેલ શેરી નાટક બહુ જ અસરકારકતાથી આજના યુગને અહિંસા, શાંતિ અને મૈત્રીનો સંદેશ આપી જાય છે. નાટય નિર્દેશનમાં શાળાના હર્ષદાબેન છાયા ઉપરાંત શ્રી મીતુલ મકવાણા તથા બુધન થિએટર્સ, અમદાવાદનો શાળાને સહયોગ સાંપડેલ.

કાર્યક્રમની અંતિમ કૃતિ 'જય હો..'માં તમામ આઈટેમમાં ભાગ લેનારા કુલ ૨૫૦ પાર્ટીસીપન્ટસે સ્ટેજ પર આવીને 'જય હો ક.વી.ક.વિ.' લખાણ સાથેના સુશોભિત પ્લેકાર્ડસ દ્વારા શાળાનો જય જયકાર બોલાવેલ તે સમયે શાળાના આચાર્યા સોનલબેન શાહ સહિત તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે સ્ટેજ પર આવી શ્રોતાઓનું અભિવાદન ઝીલેલ.

કાર્યક્રમને અંતે 'અપની તો પાઠશાલા મસ્તી કી પાઠશાલા'નામે સમગ્ર સ્ટાફની રમૂજી વીડીયો કલીપીંગ પણ વિદ્યાર્થીઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનેલ.

કાર્યક્રમ સ્થળના પ્રવેશમાર્ગો પર શાળાની વિદ્યાર્થીની વેકેશનના સમયગાળમાં સ્વહસ્તે બનાવેલ પ્લાસ્ટર ઓફ પેરિસની ૧૦૦ જેટલી કલાત્મક મૂર્તિઓ, મડ મીટર વર્કની વુડન પેનલ્સ, કાઠિયાડી ભરતકામથી સુશોભિત ચાકડા-ચંદરવાથી સુશોભિત કરેલ. સાથે સંસ્થાના આદ્યસ્થાપકો તથા સ્વતંત્ર્ય સેનાનીઓ સર્વશ્રી ઢેબરભાઈ, દરબાર સાહેબ, ભકિતબા, સુભદ્રાબેન શ્રોફ, સુમતિબેન વૈદ્યની રંગીત તસ્વીરો તથા શાળાની સ્થાપના એટલે કે ૧૯૪૬ થી ૨૦૦૯ એટલે કે આજ સુધીની સંસ્થાની વિકાસ યાત્રાની બ્લેક એન્ડ વ્હાઈટ તથા રંગીન તસ્વીરનું લઘુ પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ.

કાર્યક્રમની સફળતા માટે શાળાને જિતેન્દ્રભાઈ જોષી (ગ્લોબલ કોમ્યુનીકેશન્સ), જિતુભાઈ પટેલ (સુરજ મંડપ), વિરાંગભાઈ ત્રિવેદી (પેરેમાઉન્ટ સાઉન્ડ), કમલેશભાઈ ડોડિયા (લ્યુનર સાઉન્ડ) તથા સુરેશભાઈ પારેખ, દીપેશભાઈ બક્ષી, અશોકભાઈ સોલંકીનો સહયોગ સાંપડેલ.

કાર્યક્રમના આર્થિક બોજને હળવો કરવામાં અનેક દાતાઓએ દાનની સરવાણી વહાવેલ જેમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના દેવેન્દ્રભાઈ દેસાઈ તથા પ્રશાંતભાઈ વોરા મુખ્ય હતા.

કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ સર્વથી વાલજીભાઈ પટેલ, નટુભાઈ ભટ્ટ, મધુભાઈ દોંગા, રમેશભાઈ વીરાણી, લીલાબેન કોઠારી, ઉર્મિલાબેન દેસાઈ, હેમલતાબેન રૂપાણી ઉપરાંત શહેર અગ્રણીઓ અને શિક્ષણવિદો જેવા કે સુશીલાબેન શેઠ, કિરણભાઈ પટેલ, દિનેશભાઈ પારેખ, સુરેશભાઈ સંઘવી, સમીરભાઈ શાહ, રોટેરીઅન ડો. જતીનભાઈ મોદી, લાયન ડો. સુધીરભાઈ પંડયા, કુમારભાઈ પંચાસરા ઉપરાન્ત શહેર આચાર્ય સંઘના હોદેદારો સર્વ ગિજુભાઈ જોષી, અશોકભાઈ બાણુગરિયા, સંજયભાઈ પંડયા, જિલ્લા આચાર્યસંઘના પ્રમુખ માંગરોલિયા સાહેબ વગેરેએ ઉપસ્થિત રહી શહેરની એક જુની ગ્રાન્ટેડ શાળાનાં આ સાંસ્કૃતિક સાહસને પ્રબળ પીઠબળ પુરૂ પાડેલ.

કાર્યક્રમમાં સ્વયં પ્રકાશિત વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીને અનેરૂ આકર્ષણ જમાવેલ. આ ઉપરાન્ત પ્રેક્ષકો માટે શાળા પ્રાંગણમાં ત્રણ અલગ અલગ જગ્યાએ વિશાળ સ્ક્રીન મુકીને કાર્યક્રમનું જીવંત પ્રસારણ આપીને ઉભરાતી જનમેદનીને કાર્યક્રમ નીહાળવાની સંપૂર્ણ તકો ઉપલબ્ધ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ.

શાળાની વિદ્યાર્થીની કુ. સુરભી મોરબીયાએ ગત વર્ષે રમત-ગમત ક્ષેત્રે નેશનલ લેવલે જીમ્નાસ્ટીકસની રમતમાં કાંસ્યચંદ્રક મેળવવા ઉપરાન્ત શાળાની કુલ ૧૦૦ વિદ્યાર્થીની બહેનો રમતગમતમાં જિલ્લા કક્ષાએ અને ૧૦ વિદ્યાર્થીની બહેનો રાજયકક્ષાએ વિજેતા બનેલ છે અને અભ્યાસમાં શાળાનું ધો. ૧૨નું ૧૦૦% તથા ધો. ૧૦નું ૯૪% પરિણામ આવવા ઉપરાન્ત શાળાની ધો. ૧૦ અને ૧૨ની મોટાભાગની વિદ્યાર્થીનીઓએ ડિસ્ટીંકશન કે વધુ ગુણ મેળવ્યા છે ત્યારે ધો. ૧૨ ગૃહ વિજ્ઞાન પ્રવાહમાં શાળાની કુ. શ્રધ્ધા કાપડિયા કેન્દ્રમાં પ્રથમ અને ધો. ૧૦મી ભારતી સોજીત્રા કેન્દ્રમાં નવમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે ત્યારે શાળાએ ફેસ્ટ-૦૯ ના આધુનિક ટેકનોલોજીથી સુસજજ સાહસિક સાંસ્કૃતિ સાહસ અને તે પણ ઉનાળાની રજાઓમાં પ્રેકટીસ કરાવીને ભણવાનો એક પણ કિંમતી દિવસનો વ્યવ થવા દીધા વિના ફેસ્ટ-૦૯નું સફળ આયોજન કરીને સાબિત કરી બતાવ્યુ છે કે બાળાઓના ગોખણિયા બીબાઢાળ શિક્ષણને બદલે અભ્યાસ લાંબા પ્રવાસો, રમત ગમત તથા સાંસ્કૃતિક અને ભાવાત્મક વિકાસ માટે ક.વી.ક.વિ. ઈઝ ધ બેસ્ટ !

## કાલે પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં રાજકોટ જીલ્લા આયોજન મંડળની બેઠક

રાજકોટ તા. ૧૨ : જિલ્લા આયોજન મંડળ રાજકોટની આગામી બેઠક જિલ્લા પ્રભારી અને રાજય ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલની અધ્યક્ષતામાં તા. ૧૩મી જુન ૨૦૦૯ના રોજ સવારે ૧૦ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં યોજાશે.

આ બેઠકમાં અગાઉની મળેલ બેઠકને બહાલી, વિકેન્દ્રીત તથા પ્રોત્સાહક જોગવાઈના કામોને મંજુરી સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ માટે ખાસ પ્લાન યોજનાના કામોને માન્યતા આપશે તેમજ અગાઉના કામોની પ્રગતી સમીક્ષા કરવામાં આવનાર છે. જિલ્લા આયોજન મંડળની આ બેઠકમાં તમામ સબંધકર્તા અમલીકરણ અધિકારીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા આયોજન અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.(૩.૧૫)

## ગીતા વિદ્યાલયમાં મંગળવારે ભજન સંધ્યા-સીડીનું વિમોચન

રાજકોટ તા. ૧૨ : જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં તા. ૧૬ને મંગળવારે સાંજે ૬-૧૫ કલાકે ભજન સંધ્યા યોજેલ છે. જેમાં ભાવિકજન જીતુભાઈ અંતાણી ભાવભર્યા કંઠે ભજનો રજૂકરશે. તેમજ શ્રી મનહરલાલજી મહારાજના બાલ્યાકાળના મિત્રો કેશવલાલ શાસ્ત્રી તથા કાંતિભાઈ ભટ્ટના હસ્તે શ્રીમદ્ ભગવદ્ગીતાની સંગીતમય સીડીનું વિમોચન થશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જયંતિભાઈ કુંડલીયા તથા પરિમલ ઘેલાણી ઉપસ્થિત રહેશે. સર્વે ભાવિકોને ભજનસંધ્યામાં પધારવા ગીતા વિદ્યાલય પરિવાર દ્વારા અનુરોધ કરેલ છે.(૨૪.૨)

## ગીતા વિદ્યાલયમાં રાહત-દરે ચોપડાનું વિતરણ

રાજકોટ તા. ૧૨ : જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સુવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સહાય અર્થે આકર્ષક સેમી ડીલકસ વ્હાઈટ પેઈજના જમ્બો સાઈઝના ચોપડાઓનું રાહતદરે વિતરણ સાંજે ૫-૩૦ થી ૮ સુધી થાય છે. જેમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના વિતરણ થાય છે. જેનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.(૨૪.૨)



**અમદાવાદમાં NIMCJ કારકીર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો**: આગામી બે વર્ષોમાં એટલે કે વર્ષ ૨૦૧૧ સુધીમાં મીડીયા અને મનોરંજનના ક્ષેત્રે આશરે અગિયાર સો બિલીયન રૂપિયાનું ટર્નઓવર થશે. ટેલિવિઝન ક્ષેત્રે આ કારોબાર વર્તમાન ૨૦૦ બિલીયનથી વધીને ૫૨૦ બિલીયન રૂપિયા થશે અને વધુ ૧૦૦ ટી.વી. ચેનલો મેદાનમાં આવશે. મીડીયા અને મનોરંજનના આ વિરાટ ઉદ્યોગ માટે આગામી વર્ષમાં કુશળ મીડીયા પ્રોફેશનલ્સની મોટા પાયે જરૂર પડશે અને આગામી વર્ષોમાં કારકિર્દીની દ્રષ્ટિએ મીડીયા-મનોરંજનનો ઉદ્યોગ શ્રેષ્ઠ સાબિત થવાનો છે. તેમ અમદાવાદ સ્થિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ માસ કોમ્યુનીકેશન એન્ડ જર્નાલીઝમ (NIMCJ) માં 'મીડિયામાં કારકીર્દીની તકો' વિષયે યોજાયેલા સેમિનારમાં સંસ્થાના નિયામક ડો. શિરીષ કાશીકરે જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રેડિયો સીટી અમદાવાદના પ્રોગ્રામીંગ ડાયરેકટર રાજીવ પટેલે પણ સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી રેડિયો અને માસ મીડિયામાં કારકીર્દીની ઉજજવળ તકો વિષે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે વિશ્વ સંવાદ એજયુકેશન ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રદીપભાઈ જૈન તથા પ્રાધ્યાપકો, સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતાં.(૬.૧૫)

### દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ દ્વારા

## રવિવારે નોટબુક વિતરણ - વિદ્યાર્થી સન્માન

રાજકોટ તા. ૧૨ : દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ દ્વારા આગામી તા. ૧૪ને રવિવારે સવારે ૮.૩૦ કલાકે દશનામ ગોસ્વામી જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક વિતરણ અને વિદ્યાર્થી સન્માન સમારોહનો કાર્યક્રમ નિરંજન માધ્યમીક શાળા - હસનવાડી ચોક ખાતે રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઓરીજીનલ માર્કશીટ તથા વિદ્યાર્થી સન્માન સમારંભ માટે માર્કશીટની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.(૨૧.૨૭)